GJJN220003502024

| | |
|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | તા.૧૪/૧૧/૨૦૨૪. |
| કેસ નોંધ્યા તારીખ | તા.૧૪/૧૧/૨૦૨૪. |
| કેસ નિકાલ તારીખ | તા. ૨૮/૦૪/૨૦૨૬. |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૫ ૧૪ |

**નમુના–અ**

| **વંથલીના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ મુકામ : વંથલી.** | |
|---|---|
| **ચુકાદાની તારીખ** | **તા. ૨૮/૦૪/૨૦૨૬.** |
| **કેસ નંબર** | **પોકસો સેશન્સ કેસ નં. ૫/૨૦૨૪.** |
| **જજમેન્ટ આંક** | |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૧(૧), ૩૨૯(૪) તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબ. |
| પ્રથમ માહીતી એહવાલ સંખ્યા | વંથલી પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૦૩૦૬૮૨૪૦૫૦૧/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | વંથલી પોલીસ સ્ટેશન |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એડી.પી.પી.શ્રી એન.કે. પુરોહીત |
| આરોપીપક્ષ | **માલદે ઉર્ફે માલો ભુપતભાઇ પરમાર,** જાતે–કોળી, ઉ.વ. ૨૨, ધંધો–મજુરી, રહે. નાના કાજલીયાળા, તા.વંથલી, જી.જુનાગઢ. |
| રજુઆત | વિ.વકીલશ્રી જી.બી. શાપરા |

**નમુના–બ**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૧૫/૦૯/૨૦૨૪. |
| પ્રથમ માહીતી અહેવાલની | તા.૧૫/૦૯/૨૦૨૪. |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | તા.૨૯/૧૦/૨૦૨૪. |
| તહોમતનામાની તારીખ | તા.૦૮/૦૯/૨૦૨૫. |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૭/૦૯/૨૦૨૫. |
| ચુકાદા માટે રાખવાની તારીખ | તા.૨૮/૦૪/૨૦૨૬. |
| ચુકાદાની તારીખ | તા.૨૮/૦૪/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**<u>નમુના–ક</u>**

**ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી–કાંતાબેન લીલાભાઈ વખેચાની જુબાની. | ૧૮ |
| ૨. | ભોગ–બનનારની જુબાની. | ૨૦ |
| ૩. | સાહેદ–ડો.અભિષેક કરશનભાઈ મારુની જુબાની. | ૨૪ |
| ૪. | પોલીસ સાહેદ–વીરલબેન જસાભાઈ વદરની જુબાની. | ૩૬ |
| ૫. | સાહેદ–મનુભાઇ અરસીભાઇ સુત્રેજાની જુબાની. | ૪૨ |
| ૬. | પોલીસ સાહેદ–યશપાલસિંહ ભરતસિંહ રાણાની જુબાની. | ૫૦ |
| ૭. | પોલીસ સાહેદ–દિલીપકુમાર રતનસિંહ પારઘીની જુબાની. | ૫૩ |

| **ક્રમ નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પોલીસ ફરીયાદ. | ૧૯ |
| ૨. | ભોગ–બનનારનું ઈ/ચા. સર્કલ પી.આઈ., માણાવદર સમક્ષનં નીવેદન. | ૨૧ |
| ૩. | ભોગ–બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નીવેદન. | ૨૨ |
| ૪. | મેડીકલ ઓફીસર, સી.એચ.સી. વંથલીનાઓએ વંથલી પોલીસ સ્ટેશનને જાણ કર્યાની યાદી. | ૨૫ |

| | | |
|---|---|---|
| ૫. | ભોગ–બનનારનું સારવાર સર્ટીફીકેટ. | ૨૬ |
| ૬. | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૨૭ |
| ૭. | આરોપીનું અટક પંચનામુ. | ૨૮ |
| ૮. | ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ. ને લખેલ યાદી. | ૩૭ |
| ૯. | ગુનાની એફ.આઇ.આર.ની ખરીનકલ. | ૩૮ |
| ૧૦. | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરીનકલ. | ૩૯ |
| ૧૧. | ભારે ગુનાનો સ્પે.રીપોર્ટ. | ૪૦ |
| ૧૨. | પી.આઇ., માણાવદરને આગળની તપાસ માટે લખેલ યાદી. | ૪૧ |
| ૧૩. | સબ–રજીસ્ટ્રારશ્રી, જન્મ–મરણ વિભાગ, મહાનગરપાલીકા, જુનાગઢને જન્મ તારીખની ખરાઇ કરી પ્રમાણપત્ર મળવા લખેલ યાદી. | ૪૩ |
| ૧૪. | ભોગ–બનનારનું જન્મ પ્રમાણપત્ર. | ૪૪ |
| ૧૫. | આગળની તપાસ માટે સર્કલ પી.આઇ., સી.પી.આઇ. માણાવદરને કરેલ ઇ–મેઇલ મેસેજ. | ૫૧ |
| ૧૬. | ફરીયાદી કાંતાબેનનું ઇ–સાક્ષી એપ દ્વારા લીધેલ નીવેદનનો રીપોર્ટ. | ૫૪ |
| ૧૭. | ઇ–સાક્ષી સર્ટીફીકેટ. | ૫૫ |
| ૧૮. | ઇ–સાક્ષી સર્ટીફીકેટ. | ૫૬ |
| ૧૯. | આરોપીની મેડીકલ તપાસણી માટે ઓન ડ્યુટી મેડી. ઓફીસરશ્રી, સી.એચ.સી. વંથલીને લખેલ યાદી. | ૫૭ |
| ૨૦. | આરોપીનું મેડીકો લીગલ સર્ટીફીકેટ. | ૫૮ |
| ૨૧. | ભોગ–બનનારનું બીએનએસએસની કલમ–૧૮૩ મુજબનું નીવેદન લેવા એડી.ચીફ જયુડી.મેજી.શ્રી વંથલી કોર્ટને લખેલ યાદી. | ૫૯ |
| ૨૨. | ભોગ–બનનારના આધારકાર્ડની નકલ. | ૬૦ |

## – <u>જજમેન્ટ</u> –

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ વંથલી તાલુકાના નાના કાજલીયાળા ગામે આ કામના ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદી તથા તેની પૌત્રી ભોગ–બનનાર સગીર વયની ઉ.વ. ૧૨ વર્ષ, ૬–માસ (જન્મ તા.૧૨/૦૩/૨૦૧૨) વાળી પોતાના ઘરની

ઓસરીમાં અલગ અલગ ખાટલામાં સુતા હતાં ત્યારે રાત્રીના આશરે કલાક ૦૧.૩૦ વાગ્યાના વખતે આ કામના આરોપીએ ભોગ–બનનાર સાથે બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના ઘરે ગેરકાયદેસર ગૃહ પ્રવેશ કરી, ફરીયાદીની બાજુમાં સુતેલ ભોગ–બનનારે ઓઢેલ ગોદડુ ખેંચી, ભોગ–બનનાર સાથે જાતીય સતામણી કરતા ભોગ–બનનાર ઉઠી જઈ, રાડો પાડતા ફરીયાદી જાગી જતા આ કામના આરોપી ભાગી જઈ ગુનો કરેલ હોવાની ફરીયાદ વંથલી પોલીસ સ્ટેશનમાં આપતા, વંથલી પોલીસે સદર ગુનો ગુના રજી.નં. ૧૧૨૦૩૦૬૮૨૪૦૫૦૧/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૧(૧), ૩૨૯(૪) તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદના અનુસંધાને વંથલી પોલીસ સ્ટેશન તરફથી સદર ગુનાની ફરીયાદ દાખલ કર્યા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરેલી અને તપાસ દરમ્યાન આરોપી સામે ઉપરોકત મુજબનો ગુનો બનવા પામતો હોઈ, આરોપીને અટક કરી, તેઓની વિરુધ્ધ કાયદેસરની પોલીસ તપાસ દરમ્યાન પુરતા પુરાવા મળી આવતા અત્રેની ખાસ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરતા તેને જરૂરી કાર્યવાહીને અંતે ઉપરોકત કેસ નંબરથી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપી સામેનો હાલનો કેસ અત્રેની કોર્ટ સમક્ષ ચાલવા માટે આવતા અને આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થતા આરોપી વિરુધ્ધ આંક–૧૬ થી તહોમતનામુ ફરમાવી, વાંચી, સંભળાવી સમજાવી આંક–૧૭ થી આરોપીનો જવાબ નોંધતા આરોપીએ ગુનો કબુલ રાખેલ નથી, જેથી તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) **નમુના–ક** માં જણાવ્યાં મુજબનો રજુ થયેલ પુરાવો લક્ષમાં લેતા તેમજ વિ.એડી.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવાની પુરસીશ આંક–૬૧ થી રજુ કરી, પોતાનો પુરાવો બંધ જાહેર કરતા આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નીવેદન ભલેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના તમામ પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવમાં સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નીર્દોષ છે, તેઓને ખોટી રીતે

સંડોવી દીધેલ છે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રીની વિગતવાર મૌખિક દલીલો સાંભવામાં આવી. જેમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપી વિરુઘ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૧(૧), ૩૨૯(૪) તથા પોકસો એકટ મુજબના ગુના પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ઘ્વારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલાં છે, જે તમામ દસ્તાવેજી પુરાવા ફરીયાદક્ષ ઘ્વારા પુરવાર કરી આંકે પડાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોકત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરુઘ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી, જેથી ફરીયાદપક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય, આરોપીને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

(૬) આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપીત ગુના શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) બંને પક્ષકારોના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો લક્ષમાં લેતા આ કેસના ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપિસ્થત થાય છે.

## – <u>મુ દ્દા ઓ</u> –

(૧) શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, આ કામના ભોગ–બનનાર તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ સગીરવયની ઉંમરના હતાં ?

(૨) શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, ગઇ તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ વંથલી તાલુકાના નાના કાજલીયાળા ગામે આ કામના ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદી તથા તેની પૌત્રી ભોગ–બનનાર સગીર વયની ઉ.વ. ૧૨ વર્ષ, ૬–માસ (જન્મ તા.૧૨/૦૩/૨૦૧૨) વાળી પોતાના ઘરની ઓસરીમાં અલગ અલગ ખાટલામાં સુતા હતાં ત્યારે રાત્રીના આશરે કલાક ૦૧.૩૦ વાગ્યાના વખતે આ કામના આરોપીએ ભોગ–બનનાર સાથે બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના ઘરે ગેરકાયદેસર ગૃહ પ્રવેશ કરી, ફરીયાદીની બાજુમાં સુતેલ ભોગ–

બનનારે ઓઢેલ ગોદડુ ખેંચી, ભોગ–બનનાર સાથે જાતીય સતામણી કરતા ભોગ–બનનાર ઉઠી જઈ, રાડો પાડતા ફરીયાદી જાગી જતા આ કામના આરોપી ભાગી ગયેલ અને તેમ કરીને આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૧(૧), ૩૨૯(૪) તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

– નિ ર્ણ યો –

૧. હકારમાં.

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

– કા ર ણો –

**નિર્ણયના કારણો :**

(૯) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે સંભવિતતાના સિધ્ધાંત મુજબ સાબીત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરીયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. હવે ઉપરોકત કાયદાની સ્થાપિત આ કોર્ટ જયારે પોકસો એકટના કાયદા અન્વયે સ્થાપિત થયેલ સ્પેશ્યલ કોર્ટ તરીકે પોકસો એકટ અન્વયેના ગુન્હાની ટ્રાયલ હાથ ધરે લ હોય ત્યારે સૌપ્રથમ એ

જોવાનુ રહે છે કે આક્ષેપીત ગુના વખતે ભોગ બનનાર પોકસો એકટની કલમ–૨ (૧)(ડી) મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળક હતા કે કેમ? સદરહુ મુદ્દાઓની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લઈએ તો સદરહુ ગુનાના કામે આરોપી સામે પોક્સો એક્ટની જોગવાઈઓ મુજબના ગુનાઓના આક્ષેપો હોય બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી કે કેમ તે જોવુ આવશ્યક છે. આ તબકકે **સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. અનુપસીંઘ (૨૦૧૫) ૭ એસ.સી.સી., ૭૭૩** નો ચૂકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે . સદર ચૂકાદામાં નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે , બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે **જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩)** ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે . વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા **મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – ૨૦૧૩ (૧૪) એસ.સી.સી., ૬૩૭** ના ચૂકાદામાં તથા **જર્નેલ સીંઘ વિ. સ્ટે ટ ઓફ હરીયાણા –જજમેન્ટ ૨૦૧૩ (૭) એસ.સી.સી., ૨૬૩** ના ચૂકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે , બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩) લાગુ પડે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઈ શકાય. જેથી ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩) ની જોગવાઇ ધ્યાને લેવી જરુરી છે , જે નીચે મુજબ છે ::

"12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a) (i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than aplay

school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

**(૧૦)** ઉપરોકત જોગવાઇ તથા ચુકાદાઓ ધ્યાને રાખી ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પૈકી ફરીયાદપક્ષે ભોગ–બનનાર બનાવ વખતે સગીર વયની હતી તે પુરવાર કરવા માટે તપાસેલ સાહેદો પૈકી સૌપ્રથમ સાહેદ નં.૧ ફરીયાદી કાંતાબેન લીલાભાઇ વખેચાનો પુરાવો જોઇએ તો તેઓને આ કામે આંક–૧૮ થી તપાસેલા છે. સદર ફરીયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેના પતિનું અવસાન થઇ ગયેલ છે, તેમને સંતાનમાં બે દીકરા અને બે દીકરી છે, જેમાં મોટી દીકરી રેખા, તેનાથી નાનો રસીક અને તેની પત્ની બીમાર રહે છે, રસીકની બે દીકરીઓ તેમની સાથે રહે છે, રસીકથી નાનો પ્રકાશ છે અને સૌથી નાની દીકરી રસીલા છે. વધુમાં સદર ફરીયાદીએ બનાવ સબંધે ફરીયાદ આપેલાની હકીકત જણાવેલ છે. સદર ફરીયાદીએ તેની જુબાની દરમ્યાન ભોગ–બનનારની ઉંમર કેટલી હતી તે જણાવેલ નથી. જયારે તેણીએ આપેલ આંક–૧૯ વાળી ફરીયાદ વંચાણે લેવામાં આવે તો તેમાં ભોગ–બનનારની ઉ.વ. ૧૩ વર્ષની અને ધોરણ–૮ માં અભ્યાસ કરતી હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે આંક–૨૦ થી ભોગ–બનનારની જુબાની થયેલ છે અને તેમાં ભોગ–બનનારને પ્રાથમીક સવાલો પુછવામાં આવેલ છે અને તેમાં તેણીએ

તેની જન્મ તા.૧૨/૩/૨૦૧૨ ની હોવાનું અને તેણી ધોરણ-૮ સુધી ભણેલ હોવાનું જણાવેલ છે. વધુમાં બનાવ સબંધે તેના દાદીએ પોલીસ ફરીયાદ આપેલ હોવાનું અને પોલીસે તેમનું નીવેદન લીધેલ હોવાનું અને જજ સાહેબ રૂબરૂ નીવેદન આપેલ હોવાની હકીકત જણાવેલ છે. સદર ભોગ-બનનારે પોલીસ સમક્ષ આપેલ નીવેદન આંક-૨૧ થી તથા ભોગ-બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબ આપેલ નીવેદન આંક-૨૨ થી રજુ થયેલ છે અને તેમાં તેણીએ તેમની જન્મ તા.૧૨/૩/૨૦૧૨ ની હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક-૪૪ થી ભોગ-બનનારનું જન્મ પ્રમાણપત્ર રજુ કરેલ છે જે વંચાણે લેતા તેમાં પણ ભોગ-બનનારનો જન્મ તા.૧૨/૩/૨૦૧૨ ના રોજ નાના કાજલીયાળા ગામે થયેલ હોવાનું જણાય આવે છે. આ કામે કહેવાતો બનાવ તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ બનેલ છે ત્યારે બનાવ સમયે ભોગ-બનનારની ઉંમર ૧૨ વર્ષ, ૬-માસ અને ૩-દિવસની હોવાનું પુરવાર થાય છે. ભોગ-બનનારની ઉંમર સબંધે બચાવપક્ષે કોઇ તકરાર લીધેલ નથી ત્યારે રજુ પુરાવાથી બનાવ સમયે ભોગ-બનનાર ૧૨ વર્ષ, ૬-માસ અને ૩-દિવસની ઉંમરની હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે, ત્યારે બનાવ સમયે ભોગ-બનનાર સગીર વયની ઉંમરના હતાં તેવું રેકર્ડ ઉપર પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ હોય, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચા ::</u>**

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આ કામના આરોપી સામે એવો આક્ષેપ મુકવામાં આવેલ છે કે,ગઇ તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ વંથલી તાલુકાના નાના કાજલીયાળા ગામે આ કામના ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદી તથા તેની પૌત્રી ભોગ-બનનાર સગીર વયની ઉ.વ. ૧૨ વર્ષ, ૬-માસ (જન્મ તા.૧૨/૦૩/૨૦૧૨) વાળી પોતાના ઘરની ઓસરીમાં અલગ અલગ ખાટલામાં સુતા હતાં ત્યારે રાત્રીના આશરે કલાક ૦૧.૩૦ વાગ્યાના વખતે આ કામના આરોપીએ ભોગ-બનનાર સાથે બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના ઘરે ગેરકાયદેસર ગૃહ પ્રવેશ કરી, ફરીયાદીની બાજુમાં સુતેલ ભોગ-બનનારે ઓઢેલ ગોદડુ ખેંચી, ભોગ-બનનાર સાથે જાતીય સતામણી

કરતા ભોગ–બનનાર ઉઠી જઈ, રાડો પાડતા ફરીયાદી જાગી જતા આ કામના આરોપી નાસી જઇ ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર હકીકત સબંધે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો આ કામના મુળ ફરીયાદી કાંતાબેન લીલાભાઈ વખેચાની આંક–૧૮ થી જુબાની થયેલ છે. સદર ફરીયાદીએ તેની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેણી વંથલી તાલુકાના નાના કાજલીયાળા ગામે લીમડા ચોક વિસ્તારમાં તેમના પરીવાર સાથે રહે છે, મજુરીકામ કરે છે, તેણીના પતિનું અવસાન થઇ ગયેલ છે, તેમને સંતાનમાં બે દીકરા અને બે દીકરી છે, જેમાં મોટી દીકરી રેખા, તેનાથી નાનો રસીક અને રસીકની બે દીકરીઓ તેમની સાથે રહે છે, રસીકથી નાનો પ્રકાશ છે અને સૌથી નાની દીકરી રસીલા છે. વધુમાં જણાવે છે કે, તા.૧૪/૯/૨૪ ના સાંજના નવેક વાગ્યે તેણી તથા તેના બંને દીકરા રસીક અને પ્રકાશ તથા પ્રકાશની વહુ જયશ્રીબેન તથા રસીકની દીકરી એમ બધા જમીને તેમના ઘરે સુઇ ગયેલ, જેમાં એક રુમમાં તેમનો દીકરો રસીક સુતો હતો અન બીજા રુમમાં પ્રકાશ અને તેની વહુ સુતા હતાં અને તેણી તથા રસીકની દીકરી બંને અલગ બાજુ બાજુમાં ખાટલા રાખી ઘરની ઓસરીમાં સુતા હતા ત્યારે રાત્રીના આશરે દોઢેક વાગ્યે તેમની બાજુમાં સુતેલી ભોગ–બનનારે એકદમ રાડ પાડતા તેણી સફાળી જાગી ગયેલ અને લાઇટના અજવાળે જોતા તેમના ગામનો માલદે ઉર્ફે માલો ભુપતભાઇ પરમાર, જાતે–કોળી તેમની બાજુમાંથી દોડીને ભાગતા જોયેલ, જેથી તેણીએ રાડારાડ કરેલ અને તેમના છોકરાઓને જગાડેલ, તેણીએ તેના દીકરા રસીકની દીકરીને પુછતા તે ધ્રુજતી હતી અને તેમને કહેલ કે, આ દોડીને ગયો એ માલાએ તેણી સુતી હતી અને એકદમ તેણીએ ઓઢેલ ગોદડુ ખેંચતા તેણી જાગી ગયેલ અને તેણી આ માલાને જોઈ જતા ગભરાઈ ગયેલી એટલે રાડ પાડેલ હતી અને ધ્રુજતા ધ્રુજતા રડવા લાગેલ, જેથી તેણીએ તેને આશ્વાસન આપેલ અને શાંત કરેલ. તેમના દીકરા આરોપી માલાને આજુબાજુમાં ગોતતા હતાં પરંતુ તે કયાંક ભાગી ગયેલ એટલે મળી આવેલ નહી અને બાદ તેમના બંને દીકરા ઘરે આવી ગયેલ અને તેમના દીકરાની દીકરી ધ્રુજતી હોય ડરી ગયેલ હોય જેથી તેના દીકરા પ્રકાશે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા આવી જતા તેમનો દીકરો પ્રકાશ દવાખાને લઇ ગયેલ. આ બાબતની ફરીયાદ તેણીએ આપેલી, સદર ફરીયાદીને અસલ

ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે પોલીસ ફરીયાદ આંક–૧૯ થી રજુ થયેલ છે. તેઓ આરોપીને ઓળખે છે તેમ જણાવેલ છે. સદર ફરીયાદીની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ગામમાં નવ વાગ્યા સુધી લોકો જાગતા હોય છે, ભોગ–બનનાર તેનાથી અલગ જુદી પથારીમાં સુતેલ હતી, ઠંડીની સીઝન હોય તેણી માથે ઓઢીને સુતી હતી. આરોપીને તેઓ બનાવ પહેલાથી ઓળખે છે, તેઓને આરોપી સાથે સારા સબંધ ન હતાં. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ગોદડુ ખેચનારને તેણીએ જાતે જોયેલ નથી તથા આરોપી સાથે તેમને સારા સબંધ હતાં નહી તેથી તેને સંડોવવા તેનું નામ લખાવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ગોદડું ખેંચવાના બનાવ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નહી વિગેરે હકીકત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ છે. સદર ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર ફરીયાદી ભોગ–બનનારના દાદી થાય છે અને ફરીયાદી તથા ભોગ–બનનાર બનાવ સમયે રાત્રીના તેમના ઘરની ઓસરીમાં બંને અલગ બાજુમાં બાજુમાં ખાટલા રાખી સુતા હતાં અને રાત્રીના દોઢેક વાગ્યે ભોગ–બનનારે એકદમ રાડ પાડતા તેણી જાગી ગયેલી અને લાઇટના અજવાળે જોતા આ કામના આરોપીને તેની બાજુમાંથી દોડીને ભાગતા જોયેલ હોવાનું અને ભોગ–બનનારે જણાવેલ કે, તેણી સુતી હતી ત્યારે તેણીએ ઓઢેલ ગોદડું એકદમ ખેંચતા તેણી જાગી ગયેલી અને આરોપી માલાને જોઇ જતા તેણી ગભરાઇ ગયેલી અને રાડ પાડેલ હતી તેવી હકીકત ભોગ–બનનારે તેણીને જણાવેલી તેવું ફરીયાદીએ તેની સરતપાસમાં જણાવેલ છે, જયારે સદર ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ–બનનાર તેનાથી અલગ પથારીમાં સુતેલ હતી અને ઠંડીની સીઝન હોય તેણી માથે ઓઢીને સુતી હતી અને ગોદડુ ખેંચવાના બનાવ સીવાય બીજો કોઇ બનાવ બનેલ નહી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. સદર ફરીયાદી બનાવ સમયે જાગતા હોય અને ફરીયાદીએ આરોપીને ગોદડુ ખેંચતા જોયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં સદર ફરીયાદીએ આપેલ આંક–૧૯ વાળી ફરીયાદ વંચાણે લેતા તેમાં ભોગ–બનનારે એકદમ રાડ પાડતા તેણી સફાળી જાગી ગયેલ અને લાઇટના અજવાળે આ કામના આરોપીએ તેની બાજુમાંથી દોડીને

ભાગતા જોયેલ જેથી તેણીએ રાડારાડ કરેલી અને તેના છોકરાઓને જગાડેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં ફરીયાદમાં જણાવેલ છે કે, તેણીએ ભોગ–બનનારને પુછતા ભોગ–બનનારે જણાવલ કે, આ દોડીને ગયો એ માલાએ હું સુતી હતી અને એકદમ મેં ઓઢેલ ગોદડું ખેંચતા હું જાગી ગયેલ અને આ માલાને જોઇ જતા હું ગભરાઇ ગયેલ એટલે મેં રાડ પાડેલ હતી તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ છે. આ કામના આરોપીને ફરીયાદી પહેલાથી ઓળખે છે અને તેની સાથે સારા સબંધ ન હોવાની હકીકતનો પણ સ્વીકાર કરેલ છે. બનાવ સમયે ભોગ–બનનાર અને ફરીયાદી સુતા હતાં, રાત્રીના દોઢ વાગ્યાનો સમય થયેલ હતો અને ઠંડીની મૌસમ હોય માથે ઓઢીને સુતા હતાં તે હકીકતને નકારી શકાય તેમ નથી. વધુમાં ગાઢ નીંદ્રામાં કોઇ વ્યકિત માથે ઓઢીને સુતેલ હોય અને અચાનક કોઇની રાડ પાડવાનો અવાજ આવે તો બાજુમાં સુતેલ વ્યકિત જાગી જાય એ સ્વાભાવીક છે પરંતુ કહેવાતા બનાવમાં ભોગ–બનનારે ઓઢેલ ગોદડુ ખેંચવાની ક્રિયા અને ત્યાર બાદ તેણીએ રાડ પાડયાની ક્રિયા અને તુરત જ ફરીયાદી સફાળા જાગી ગયેલાની ક્રિયા વચ્ચે ત્યાં આવેલ વ્યકિત તુરત જ નાસી ગયેલ હોય, તે વ્યકિતને ચોકકસ રીતે ઓળખી શકાય નહી અને હાલના કામમાં જે રીતે આરોપીને ઓળખવાની હકીકત જણાવેલ છે તે સબંધે ફરીયાદી પ્રથમથી આરોપીને ઓળખે છે અને તેની સાથે સારા સબંધ ન હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે બનાવ સમયે ખરેખર આ કામના આરોપી જ હતાં તે સબંધે શંકા ઉત્પન્ન થાય છે.

**(૧૨)** વધુમાં આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ ભોગ–બનનારનો પુરાવો મહત્વનો બની રહે છે અને આ કામે ભોગ–બનનારની આંક–૨૦ થી જુબાની થયેલ છે. સદર ભોગ–બનનાર સગીર વયની ઉંમરના હોય તેણીને પ્રાથમીક સવાલો પુછી તેણી સારુ નરસુ સમજી શકે છે કે કેમ તેની ખરાઇ કર્યા બાદ જુબાની લેવામાં આવેલ છે. સદર ફરીયાદીએ તેની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેણીની જન્મ તા.૧૨/૩/૨૦૧૨ છે, તા.૧૪/૯/૨૪ ના રોજ સાંજના નવ વાગ્યે તેમના ઘરના સભ્યો જમીને સુઇ ગયેલ હતાં અને તેણી તથા તેના દાદી ઘરની ઓસરીમાં અલગ અલગ ખાટલામાં સુતા હતા

અને તેમના બાપુજી તથા કાકા રુમમાં સુતા હતાં, આ દરમ્યાન રાત્રીના આશરે દોઢેક વાગ્યે કોઈકે તેનું ગોદડુ ખેંચતા તેણી એકદમ ગભરાઇ ગઇ ઉઠી ગયેલ અને તેણીએ રાડ પાડતા તેની બાજુમાં સુતેલ તેના દાદી કાંતાબેન જાગી ગયેલ અને તેઓ બંનેએ જોયેલ તો તેમના ગામનો માલો ભુપત પરમાર ત્યાં ઉભો હતો, જેથી તેના દાદીએ રાડારાડી કરતા માલો ત્યાંથી ભાગી ગયેલ અને રાડારાડી થતા ઘરના સભ્યો રુમની બહાર આવેલા અને આજુબાજુ વાળા પણ ભેગા થઇ ગયેલ અને મારો ઘરની બાજુમાં આવેલ દીવાલ ઠેકીને ભાગી ગયેલ. આ માલો ભુપત તેમના ઘરની દીવાલ પાસે ઘણીવાર આવીને ઉભો રહેતો અને તેણી ગામમાં દુધ લેવા જતી ત્યારે પણ તેની પાછળ પાછળ આવતો. આ બાબતે તેના દાદીએ પોલીસમાં ફરીયાદ આપેલી, પોલીસે તેમની પુછપરછ કરી ઓડીયો વીડીયો રેકોર્ડીંગ પણ કરેલ, નીવેદન તેમના જણાવ્યાં મુજબ પોલીસે નોંધી લીધેલ અને તે વાંચી સંભળાવી તેમાં તેમની સહી લીધેલી જે નીવેદન તેણીને બતાવતા તે જ હોવાનું ઓળખી બતાવે છે જે આ કામે આંક-૨૧ થી રજુ થયેલ છે. પોલીસ તેમને જજ સાહેબ પાસે પણ લઇ ગયેલ અને જજ સાહેબે તેણીનું નીવેદન લીધેલ, સદર ભોગ-બનનારને કોર્ટ રેકર્ડમાંથી નીવેદન બતાવતા તે તે જ હોવાનું ઓળખી બતાવે છે જે આંક-૨૨ થી રજુ થયેલ છે. ભોગ-બનનાર વધુમાં જણાવે છે કે, પોલીસ તેની મેડીકલ તપાસણી માટે લઇ ગયેલી, જયાં મેડીકલ ઓફીસરને જે બનાવ બનેલ તે તેણીએ જણાવેલ હતો. તેણી આરોપીને જોયે ઓળખે છે વિગેરે હકીકત સરતપાસમાં જણાવેલ છે.સદર ભોગ-બનનારની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, આરોપી તેમના ગામનો હોય તેને પહેલાથી ઓળખે છે. તેઓ રહે છે તેની નજીકમાં આરોપી પણ રહે છે. સદર ભોગ-બનનારે તેની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેઓ બધા લાઇટો બંધ કરીને સુઇ ગયેલ હતાં, ઉંઘમાંથી ઉઠીએ ત્યારે કોઇ હલચલ થાય તો કંઇ દેખાઇ નહી. આરોપી સાથે તેઓને પહેલાથી મનદુ:ખ હતું. અંધારામાં આરોપી ખેંચીને નીકળી ગયેલ અને તેમને માત્ર ભાસ થયેલ તેના જવાબમાં જણાવે છે કે, તેના દાદીએ આરોપીને જોયેલો. વધુ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું નામ-ઠામ, ઉંમર તથા અભ્યાસ વિશે પુછેલ તે સીવાય અન્ય કાંઇ પુછેલ નહી. તેણીની

સહી લીધેલ પરંતુ તે તેમને વાંચવા આપેલ નહી કે તેણીએ વાંચેલ નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેણીએ સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબનું નીવેદન કે પોલીસ રુબરુનું નીવેદન તેમની સભાનતાથી આપેલ ન હતું વિગેરે હકીકત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ છે. સદર ભોગ-બનનારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર ભોગ-બનનારે તેની સરતપાસમાં જણાવેલ છે કે, તેના દાદીએ રાડારાડી કરતા આરોપી માલો ત્યાંથી ભાગી ગયેલ અને રાડારાડી થતા ઘરના અન્ય સભ્યો રુમની બહાર આવેલા અને આજુબાજુ વાળા પણ ભેગા થઈ ગયેલ અને આરોપી માલો ઘરની બાજુમાં આવેલ દિવાલ ઠેકીને ભાગી ગયેલ તેવી હકીકત તેની સરતપાસમાં જણાવેલ છે. જયારે આ કામના ફરીયાદીએ તેની જુબાની દરમ્યાન કે આંક-૧૯ ની આપેલ ફરીયાદમાં આરોપી ઘરની બાજુમાં આવેલ દિવાલ ઠેકીને ભાગી ગયેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં આરોપી તેમના ઘરની દીવાલ પાસે ઘણીવાર આવીને ઉભો રહેતો અને તેણી ગામમાં દુધ લેવા જતી ત્યારે પણ તેની પાછળ પાછળ આવતો તેવી હકીકત સરતપાસમાં જણાવેલ છે પરંતુ આવી કોઇ હકીકત ફરીયાદીએ તેની જુબાનીમાં કે ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં આ કામના આરોપીનું આવું વર્તન હોવાનું માની લેવામાં આવે તો પણ આ સબંધે આરોપી વિરુધ્ધ અગાઉ કોઇ ફરીયાદ કરેલ હોય તેવી પણ કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આંક-૨૧ વાળું ઈ/ચા. સર્કલ પી.આઇ., માણાવદર સમક્ષ આપેલ નીવેદન વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપી દીવાલ ઠેકીને ભાગી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે, જયારે આવી કોઇ હકીકત ફરીયાદીએ તેની જુબાનીમાં કે ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં ભોગ-બનનારના શરીરનો કોઈ સ્પર્શ કરેલ નહી, તેણીએ ઓઢેલ ગોદડું ખેંચેલ હતું આ સીવાય બીજો કોઇ બનાવ બનેલ નથી તેમ જણાવેલ છે.વધુમાં ભોગ-બનનારનું આંક-૨૨ વાળું મેજીસ્ટ્રેટ રૂબરૂ આપેલ નીવેદન વંચાણે લેવામાં આવે તો તેમાં તેણીએ આંક-૨૧ વાળા નીવેદનમાં જણાવેલ હકીકતો મુજબની હકીકત જણાવેલ છે. પરંતુ ભોગ-બનનારે બચાવપક્ષની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું નામ-ઠામ, ઉંમર તથા અભ્યાસ વિશે પુછેલ તે સીવાય અન્ય કંઇ પુછેલ નહી તેમજ તેની સહી લીધેલી પરંતુ તે તેણીને વાંચવા આપેલ નહી કે તેણીએ વાંચેલ નહી.

આમ, ફરીયાદીની કોર્ટ સમક્ષની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ હકીકતો તથા પોલીસ સમક્ષ આપેલ નીવેદનનું બચાવપક્ષની ઉલટતપાસમાં ખંડન કરેલ છે ત્યારે ભોગ–બનનારની જુબાનીમાં સચ્ચાઇ અને વિશ્વસનીયતા જણાય આવતી નથી. વધુમાં ભોગ–બનનારે તેની જુબાનીમાં ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, અંધારામાં આરોપી ગોદડુ ખેંચીને નીકળી ગયેલ અને તેમને માત્ર ભાસ થયેલ તેવા પુછેલ પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેના દાદીએ આરોપીને જોયેલો જે હકીકત ધ્યાને લેતા પણ બનાવ સમયે આરોપી જ હતો તેવું ભોગ–બનનારની જુબાનીથી ચોકકસ રીતે પુરવાર થતુ નથી અને બનાવ સમયે ઠંડીની મૌસમ હતી અને લાઇટ બંધ કરીને સુતા હતાં તે હકીકત ધ્યાને લેવામાં આવે તો પણ બનાવ સમયે આરોપી જ હતાં તેવું ચોકકસ રીતે માની શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને ભોગ–બનનારને ભાસ થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે ભોગ–બનનારના પુરાવામાં સચ્ચાઇ અને વિશ્વસનીયતા ઘટી જાય છે અને આવા શંકાસ્પદ પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**(૧૩)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ ડો.અભીષેક કરશનભાઇ મારુની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૫/૯/૨૪ ના રોજ તેઓ વંથલી મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે ભોગ–બનનાર, ઉ.વ. ૧૩, રહે. નાના કાજલીયા વાળીને ૧૦૮ મારફત તેમની પાસે લાવેલ, જે અન્વયેની જાણ તેઓએ વંથલી પોલીસ સ્ટેશનને યાદીથી કરેલી જે યાદી આંક–૨૫ થી રજુ કરેલ છે. તેઓએ ભોગ–બનનારને પુછતા ભોગ–બનનારે તેમની રુબરુમાં એવી હીસ્ટ્રી આપેલ કે, ‘‘માલો ભુપતભાઇ ધ્વારા મને રાત્રે ૧.૩૦ વાગ્યાની આસપાસ ઘરમાં હું સુતી હતી ત્યારે ગોદડુ ખેચીને પાસે સુઇ ગયો હતો, જયારે હું જાગી ત્યારે બરાડો પાડતા તે ઓસરીના રસ્તેથી ભાગી ગયેલ'’ તેવી હીસ્ટ્રી તેમના રુબરુ આપતા તેઓએ તેનો મેડીકલ સર્ટીફીકેટમાં ઉલ્લેખ કરેલો જે આ કામે આંક–૨૬ થી રજુ થયેલ છે. તેઓએ ભોગ–બનનારને તપાસતા તેના શરીર ઉપર કોઇપણ જાતની ઇજા, બાઇટ માર્ક જોવામાં આવેલ નહી અને ભોગ–બનનાર તેમની પાસે આવેલ ત્યારે જાગૃત અવસ્થામાં હતા અને તેણીને સ્થળ, સમય

વિગેરેનું ભાન હતું વિગેરે હકીકત જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ–બનનારની ઉંમર નાની હતી તેથી તેના પરીવારના સભ્યો તેની પાસે લાવેલ ત્યારે તેણીની સાથે હતાં. તેઓએ ભોગ–બનનારને તપાસેલ ત્યારે તેણીના માતા પિતા સાથે હતાં, ભોગ–બનનારને તપાસતા તેના શરીર ઉપર કોઇ ઈજાઓના નીશાન ન હતાં વિગેરે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો કહેવાતા બનાવ બાદ ભોગ–બનનારની મેડીકલ તપાસણી માટે લઈ જવામાં આવતા સદર સાહેદે ભોગ–બનનારની મેડીકલ તપાસણી કરેલી છે અને મેડીકલ તપાસણી દરમ્યાન ભોગ–બનનારને હીસ્ટ્રી પુછતા જણાવેલ કે, ''માલો ભુપતભાઈ ધ્વારા મને રાત્રે ૧.૩૦ વાગ્યાની આસપાસ ઘરમાં હું સુતી હતી ત્યારે ગોદડુ ખેચીને પાસે સુઇ ગયો હતો, જયારે હું જાગી ત્યારે બરાડો પાડતા તે ઓસરીના રસ્તેથી ભાગી ગયેલ'' તેવી હકીકત ડોકટર સમક્ષ જણાવેલી, જયારે આવી કોઈ જ હકીકત ભોગ–બનનારે તેના દાદી એટલે કે ફરીયાદીને જણાવેલ નથી કે ફરીયાદીએ આવું કોઈ કૃત્ય જોયેલ હોય તેવી કોઈ હકીકત તેની જુબાનીમાં જણાવેલ નથી તેમજ તેની ફરીયાદમાં જણાવેલ નથી, ફરીયાદીએ ભોગ–બનનારને બનાવ સમયે તુરત જ પુછેલ છે તેમ છતાં ભોગ–બનનારે આવી કોઈ જ હકીકત જણાવેલ નથી તેમજ આવી કોઈ હકીકત ભોગ–બનનારે પણ તેની જુબાનીમાં જણાવેલ નથી તેમજ પોલીસ સમક્ષ આપેલ આંક–૨૧ વાળા નીવેદનમાં તેમજ મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ આંક–૨૨ વાળા નીવેદનમાં પણ આરોપી ગોદડું ખેંચીને તેની પાસે સુઇ ગયેલ હોય તેવી હકીકત જણાવેલ નથી, ત્યારે ડોકટર સમક્ષ આપેલ હીસ્ટ્રીમાં આવી હકીકત જણાવેલ હોય, જેથી ખરેખર બનાવ સમયે શું ઘટના બનેલી તે ચોકકસ ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર બતાવી શકેલ નથી, જે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

(૧૪) વધુમાં સદર કામે ફરીયાદપક્ષે આંક–૩૬ થી પોલીસ સાહેદ વીરલબેન જસાભાઈ વદરની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદીની લીધેલી ફરીયાદ ગુનો દાખલ થવા માટે આવતા તેઓએ ગુનો દાખલ કરી આગળની તપાસ સોંપેલી તે અંગે કરેલ કામગીરી અંગેનો પુરાવો આપેલ છે.

(૧૫) વધુમાં સદર કામે ફરીયાદપક્ષે આંક–૪૨ થી સાહેદ મનુભાઇ અરસીભાઇ સુત્રેજાની જુબાની થયેલ છે. તેઓ જુનાગઢ મહાનગરપાલીકામાં ઇ/ચા. સબ રજીસ્ટ્રાર તરીકે જન્મ–મરણ શાખામાં ફરજ બજાવે છે, તેમની જુબાની દરમ્યાન ભોગ–બનનારના જન્મ પ્રમાણપત્રની ખરાઇ કરી જન્મ પ્રમાણપત્ર આંક–૪૪ થી રજુ કરેલ છે.

(૧૬) વધુમાં સદર કામે ફરીયાદપક્ષે આંક–૫૦ થી પોલીસ સાહેદ યશપાલસિંહ ભરતસિંહ રાણાની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાની દરમ્યાન તેઓએ ફરીયાદીની ફરીયાદ લીધેલી, ફરીયાદ ગુનો દાખલ કરવા પી.એસ.ઓ.ને યાદી કરેલી અને આગળની તપાસ સી.પી.આઇ.ને સોંપવા ઇ–મેઇલ કરેલ તે સીવાય વિશેષ કોઇ કામગીરી કરેલ ન હોવાનો પુરાવો આપેલ છે.

(૧૭) વધુમાં સદર કામે ફરીયાદપક્ષે આંક–૫૩ થી પોલીસ સાહેદ ત.ક.અ. દિલીપકુમાર રતનસિંહ પારઘીની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાની દરમ્યાન સદર ગુનાના કામે કરેલ તપાસ અંગેની કરેલ કામગીરીનો પુરાવો આપેલ છે અને તેમની જુબાની દરમ્યાન દસ્તાવેજો રીફર થયેલ છે તથા તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલું તેવો પુરાવો આપેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ઘ્વારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીના કથન મુજબ ભોગ–બનનારે ઓઢેલ ગોદડું આરોપીએ ખેંચેલ તેવું તેમની તપાસમાં ખુલેલ, આરોપીએ ગોદડુ ખેચેલું પરંતુ ભોગ–બનનારે આરોપીને જોયેલ નહી તેવું તેમની તપાસમાં ખુલેલું. ભોગ–બનનારનું ગોદડું ખેચી આરોપી સુઇ ગયેલ હોય તેવું તેમની તપાસમાં ખુલેલ નથી વિગેરે હકીકત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ છે.

(૧૮) ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી ભોગ–બનનારના દાદી થાય છે અને ફરીયાદી તથા ભોગ–બનનાર બનાવ સમયે રાત્રીના તેમના ઘરની ઓસરીમાં બંને અલગ બાજુમાં બાજુમાં ખાટલા રાખી સુતા હતાં અને રાત્રીના દોઢેક વાગ્યે

ભોગ–બનનારે એકદમ રાડ પાડતા તેણી જાગી ગયેલી અને લાઇટના અજવાળે જોતા આ કામના આરોપીને તેની બાજુમાંથી દોડીને ભાગતા જોયેલ હોવાનું અને ભોગ–બનનારે જણાવેલ કે, તેણી સુતી હતી ત્યારે તેણીએ ઓઢેલ ગોદડું એકદમ ખેંચતા તેણી જાગી ગયેલી અને આરોપી માલાને જોઇ જતા તેણી ગભરાઇ ગયેલી અને રાડ પાડેલ હતી તેવી હકીકત ભોગ–બનનારે તેણીને જણાવેલી તેવું ફરીયાદીએ તેની સરતપાસમાં જણાવેલ છે. પરંતુ સદર ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ–બનનાર તેનાથી અલગ પથારીમાં સુતેલ હતી અને ઠંડીની સીઝન હોય તેણી માથે ઓઢીને સુતી હતી અને ગોદડુ ખેંચવાના બનાવ સીવાય બીજો કોઇ બનાવ બનેલ નહી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. સદર ફરીયાદી બનાવ સમયે જાગતા હોય અને ફરીયાદીએ આરોપીને ગોદડુ ખેંચતા જોયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદમાં જણાવેલ છે કે, તેણીએ ભોગ–બનનારને પુછતા ભોગ–બનનારે જણાવલ કે, આ દોડીને ગયો એ માલાએ હું સુતી હતી અને એકદમ મેં ઓઢેલ ગોદડું ખેંચતા હું જાગી ગયેલ અને આ માલાને જોઇ જતા હું ગભરાઇ ગયેલ એટલે મેં રાડ પાડેલ હતી તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ છે. આ કામના આરોપીને ફરીયાદી પહેલાથી ઓળખે છે અને તેની સાથે સારા સબંધ ન હોવાની હકીકતનો પણ સ્વીકાર કરેલ છે. બનાવ સમયે ભોગ–બનનાર અને ફરીયાદી સુતા હતાં, રાત્રીના દોઢ વાગ્યાનો સમય થયેલ હતો અને ઠંડીની મૌસમ હોય માથે ઓઢીને સુતા હતાં તે હકીકતને નકારી શકાય તેમ નથી. વધુમાં ગાઢ નીંદ્રામાં કોઇ વ્યકિત માથે ઓઢીને સુતેલ હોય અને અચાનક કોઇની રાડ પાડવાનો અવાજ આવે તો બાજુમાં સુતેલ વ્યકિત જાગી જાય એ સ્વભાવીક છે પરંતુ કહેવાતા બનાવમાં ભોગ–બનનારે ઓઢેલ ગોદડુ ખેંચવાની ક્રિયા અને ત્યાર બાદ તેણીએ રાડ પાડયાની ક્રિયા અને તુરત જ ફરીયાદી સફાળા જાગી ગયેલાની ક્રિયા વચ્ચે ત્યાં આવેલ વ્યકિત તુરત જ નાસી ગયેલ હોય, તે વ્યકિતને ચોકકસ રીતે ઓળખી શકાય નહી અને હાલના કામમાં જે રીતે આરોપીને ઓળખવાની હકીકત જણાવેલ છે તે સબંધે ફરીયાદી પ્રથમથી આરોપીને ઓળખે છે અને તેની સાથે સારા સબંધ ન હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે બનાવ સમયે ખરેખર આ કામના આરોપી જ હતાં તે સબંધે

શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં ભોગ–બનનારનો પુરાવો જોવામાં આવે તો આરોપી દિવાલ ઠેકીને ભાગી ગયેલ હોવાનું અને આરોપી તેના ઘરની દીવાલ પાસે ઘણીવાર આવીને ઉભો રહેતો અને તેણી ગામમાં દુધ લેવા જતી ત્યારે તેની પાછળ પાછળ આવતો તેવી હકીકત તેની સરતપાસમાં જણાવેલ છે, પરંતુ આવી કોઇ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં સદર ભોગ–બનનારે તેની ઉલટતપાસમાં તેઓ બધા લાઇટો બંધ કરીને સુઇ ગયેલ હતાં તે વાતનો સ્વીકાર કરેલ છે ત્યારે જો લાઇટ બંધ હોય તો અંધારામાં કોઇ વ્યકિત અચાનક સામે આવે તો ઓળખી શકાય નહી તે સ્વભાવીક છે. જયારે ભોગ–બનનારનો મૌખિક પુરાવો, તેઓએ પોલીસ સમક્ષ આપેલ નીવેદન તથા મેજીસ્ટ્રેટ રૂબરૂ આપેલ નીવેદન સાથે ડોકટર સમક્ષ આપેલ હીસ્ટ્રીની હકીકતોનું એકસાથે મુલ્યાંકન કરવામાં આવે તો ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં આરોપી ગોદડુ ખેચીને તેની પાસે સુઇ ગયો હતો, જયારે તેણી જાગી ગઇ ત્યારે તેણીએ બરાડો પાડતા તે ઓસરીના રસ્તેથી ભાગી ગયેલ તેવી હકીકત હીસ્ટ્રીમાં જણાવેલ છે, જયારે આવી કોઇ હકીકત તેણીએ કોર્ટ સમક્ષની જુબાનીમાં તેમજ પોલીસ સમક્ષ આપેલ નીવેદનમાં તથા મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ નીવેદનમાં જણાવેલ નથી, ઉલટ તપાસ કરનાર અમલદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસ દરમ્યાન આરોપીએ ગોદડુ ખેચેલું પરંતુ ભોગ–બનનારે આરોપીને જોયેલ નહી તેવું તેમની તપાસમાં ખુલેલ છે ત્યારે આ કામના ફરીયાદી અને ભોગ–બનનાર આરોપીને પ્રથમથી ઓળખે છે અને આરોપી સાથે સારા સબંધ ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે તે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં આ કામના આરોપી તેના ઘરની દીવાલ પાસે આવીને ઉભો રહેતો અને તેણી ગામમાં દુધ લેવા જતી ત્યારે પાછળ પાછળ આવતો તેવી હકીકત ભોગ–બનનારે તેની જુબાનીમાં જણાવેલ છે પરંતુ આ સબંધે કોઇ ફરીયાદ કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે બનાવ સમયે આરોપીની હાજરી બનાવ સ્થળે પ્રસથાપિત કરી શકાય તેવા કોઇ અન્ય સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી જેથી આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે ફરીયાદીના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી કૃત્ય આચરેલ હોય તેવું બતાવવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૯)** આ કામે આરોપી સામે પોકસો એકટની કલમ–૧૨ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે ત્યારે સદર કાયદાની કલમ–૧૧ માં જણાવ્યાં મુજબના જાતીય સતામણી અંગેના તત્વો પુરવાર થાય તો સદર કાયદાની કલમ–૧૨ મુજબની શિક્ષા કરી શકાય અને આ અંગે કલમ–૧૧ જોઈએ તો તે નીચે મુજબ છે.

**<u>કલમ–૧૧ જાતિય સતામણી :</u>**

કોઈપણ વ્યકિત, કોઈ બાળક ઉપર જાતિય સતામણી કરે છે તેવું કહેવામાં આવશે જયારે તેવી વ્યકિત જાતિય ઈરાદાથી :–

(૧) કોઈ શબ્દોનું ઉચ્ચારણ કરે અથવા કોઈ અવાજ કરે અથવા કોઈ હાવ–ભાવ કરે કે કોઈ વસ્તુ કે શરીરના કોઈપણ અંગનું ઈરાદાપુર્વક પ્રદર્શન કરે, કે જેથી બાળક તેવું ઉચ્ચારણ કે અવાજ સાંભળી શકે અથવા એવો હાવ–ભાવ કે વસ્તુ કે શરીરનો ભાગ જોઈ શકે:, અથવા

(૨) કોઈ બાળકને તેના શરીર અથવા શરીરના કોઈ અંગને પ્રદર્શન કરાવડાવે જેથી તેને તેવી વ્યકિત અથવા કોઈ અન્ય વ્યકિત ધ્વારા જોવામાં આવે :, અથવા

(૩) નગ્ન કામચેષ્ટાના ઈરાદા સાથે કોઈ પ્રસાર અથવા મીડીયાના કોઈપણ સ્વરૂપમાં કોઈ બાળકને કોઈ વસ્તુ દેખાડે :, અથવા

(૪) કોઈ બાળકને સીધી રીતે અથવા ઈલેકટ્રોનીક આંકડાકીય અથવા અન્ય કોઈ સાધનો ધ્વારા વારંવાર અથવા સતત પીછો કરે અથવા જુએ અથવા સંપર્ક કરે :, અથવા

(૫) બાળકના શરીરના કોઈ ભાગ અથવા જાતિય કૃત્યોમાં બાળક સામેલ હોવાનું ઈલેકટ્રોનીક ફિલ્મી અથવા આંકડાકીય અથવા અન્ય કોઈ પધ્ધતિ કે માધ્યમ ધ્વારા બાળકના વાસ્તવિક અથવા બનાવટી ચિત્રોને મીડીયાના કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરવાની ધમકી આપે :, અથવા

(૬) અશ્લીલ કામુક પ્રયોજનો માટે કોઈ બાળકને કોઈ પ્રલોભન આપે અથવા તે માટે ઉપહાર આપે તેઓએ બાળક ઉપર જાતિય સતામણી કરે છે, તેમ કહેવાય.

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ સાથે રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ભોગ-બનનાર સાથે સીધી રીતે અથવા ઈલેકટ્રોનીક આંકડાકીય અથવા અન્ય કોઈ સાધનો ધ્વારા વારંવાર અથવા સતત પીછો કરેલ હોય કે તેને જોયે રાખેલ હોય કે સંપર્ક કરવા પ્રયત્ન કરેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે પોકસો એકટની કલમ-૧૧ માં જણાવ્યાં મુજબના જાતીય સતામણી અંગેના કોઈ તત્વો રેકર્ડ ઉપર પુરવાર થતા નથી. જે તમામ હકીકતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપો શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય અને ફરીયાદપક્ષના કેસમાં મહત્વનો વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલ હોય અને ફરીયાદપક્ષના પુરાવામાં શંકા ઉત્પન્ન થતી હોય જેથી ફરીયાદપક્ષ મુદ્દા નં. ૨ ની હકીકત શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૨ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૩ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

(૧) આ કામના આરોપી **માલદે ઉર્ફે માલો ભુપતભાઈ પરમાર,** રહે. નાના કાજલીયાળા, તા.વંથલી, જી.જુનાગઢ, હાલ-રહે.શાપુર, તા.વંથલી, જી.જુનાગઢ નાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ-૭૧(૧), ૩૨૯(૪) તથા પોકસો એકટ કલમ-૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાને અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ ની જોગવાઈ મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ આ ચુકાદા વિરુધ્ધ કોઈ અપીલ, રીવીઝન કે અન્ય કોઈ પ્રોસડીંગ થાય તો તેમાં હાજર રહેવા માટે તહોમતદારે રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરાં) ના જાત મુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. આ જામીન રજુ થયેથી કેસ દરમ્યાન આ તહોમતદારના લેવાયેલા જામીન રદ થયેલાં ગણાશે.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે લેવાયેલા તહોમતદારના જામીનની સમય મર્યાદા છ માસ સુધીની રહેશે.

હુકમ આજ તા.૨૮મી, માહે–એપ્રીલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.
તા.૨૮/૦૪/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**